# જિલ્લા પંચાયત કચ્છ-ભુજ

## ફોન નં. ૦૨૮૩૨ ૨૫૧૧૫૦

## -: જાહેરાત :-

સને ૨૦૧૮-૨૦૧૯ માં જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ કચ્છ-ભુજ દ્વારા જાહેરાત ક્રમાંક DPSSC01/201819/1 તથા જાહેરાત ક્રમાંક DPSSC02/201819/2 અન્વયે અનુક્રમે જુનિયર કલાર્ક (વહિવટ/હીસાબી) તથા ગ્રામ પંચાયત મંત્રી સંવર્ગોની ભરતી પ્રક્રિયા માટે ઓનલાઈન જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. સદરહુ જાહેરાતના મુદ્દા નં. ૧૧ માં ઉલ્લેખ થયા મુજબ જનરલ કેટેગરીના ઉમેદવારો દ્વારા પરીક્ષા ફી પેટે રકમ રૂ. ૧૦૦/- અંકે રૂપિયા એક સો પુરા ભરવામાં આવેલ હતા. સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક KP/16/2021/PSR/1394/766/ખ/તા.૦૮/૦૭/૨૦૨૧ થી ગુજરાત જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ (કાર્યો) નિયમો-૧૯૯૮ રદ થયેલ હોય જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ દ્વારા સીધી ભરતી પ્રક્રિયા અન્વયે ઉકત સંવર્ગોની જાહેરાતો પ્રસિધ્ધ કરેલ હોય તે રદ કરવામાં આવેલ છે.

સબબ જુનિયર કલાર્ક અને ગ્રામ પંચાયત મંત્રી સંવર્ગની સને ૨૦૧૮-૨૦૧૯ ની જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ કચ્છ-ભુજ ની સીધી ભરતીની જાહેરાત રદ થયેલ હોય તે જાહેરાત અન્વયે જનરલ કેટેગરીના ઉમેદવારો તરફથી ભરવામાં આવેલ પરીક્ષા ફી રૂ. ૧૦૦/- નીચે જણાવેલ વિગતે પરત કરવામાં આવશે.

(૧) જનરલ કેટેગરીના સંબધિત ઉમેદવારોને પરીક્ષા ફી પરત કરવા અંગેની કામગીરી તા.૨૭/૯/૨૦૨૧ થી તા.૭/૧૦/૨૦૨૧ સુધી સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા દરમ્યાન જિલ્લા પંચાયત કચેરી,મહેકમ શાખા,ભુજ-કચ્છ મુકામે રૂમ નં. ૧૧૩ ખાતેથી કરવામાં આવશે.

(૨) જનરલ કેટેગરીના સંબધિત ઉમેદવારોને જેમને પરીક્ષા ફી ભરી છે તેવા ઉમેદવારોને પરીક્ષા ફી ની રકમ રૂ. ૧૦૦/- અંકે રૂપિયા એક સો રોકડામાં/ચેકથી પરત કરવામાં આવશે અને પરીક્ષા ફી ની રકમ પરત મળ્યા બદલ સબંધિત ઉમેદવારે પહોંચ કરી આપવાની રહેશે.

(૩) ઉમેદવારે જુનિયર કલાર્ક/ગ્રામ પંચાયત મંત્રી બન્ને જાહેરાતો અન્વયે અત્રેની કચ્છ જિલ્લા પંચાયત માટે ઉમેદવારી નોંધાવી હોય અને પોસ્ટ ઓફિસમાં પરીક્ષા ફી ભરેલ હોય તેવા ઉમેદવારોએ અસલ ચલણ અવશ્ય રજુ કરવાનું રહેશે અને આ કામે ઉમેદવારે પોતે જાતે હાજર રહેવાનું રહેશે.

(૪) પરીક્ષા ફી ની રકમ પરત લેવા આવતી વખતે જિલ્લા પંચાયત કચેરીમાં સરકારશ્રીની કોવિડ-૧૯ ગાઈડલાઈન્સ નું પાલન કરવાનું રહેશે.

તારીખ:-૨૩/૯/૨૦૨૧

સ્થળ:-જિ.પં.કચ્છ-ભુજ

જિલ્લા વિકાસ અધિકારી
કચ્છ-ભુજ